**ક્રિમીનલ કેસ નં.–__________**

## આંક–૧ નીચે હુકમ

હાલના કામનું રેકર્ડ જોતા આરોપીને ચાર્જશીટમાં જણાવેલ સરનામે ઘણી કામગીરીઓ કાઢવામાં આવેલ છે. જે પૈકી ઘણી કામગીરીઓ વગર બજે પરત છે અને બાકીની કામગીરીઓ પરત નથી. જામીનદારની નોટીસો પણ બજીને પરત નથી. કામગીરીઓમાં આરોપી રહેતા નથી / મળી નથી આવતા / બીજે રહેવા ગયેલ છે તેવા શેરા છે. આમ પોલીસની કામગીરી જોતા અને પરત ન થયેલ કામગીરીઓ અને પરત થયેલ કામગીરીઓના શેરા ધ્યાને રાખતા આરોપી સરળતાથી મળી શકે તેવુ જણાય આવતુ નથી. કોર્ટ ફકત કામગીરીઓ કાઢી શકે તેમ છે, કામગીરીઓની બજવણી કરવાની સઘળી જવાબદારી સરકાર અને પોલીસની છે. આરોપીની ધરપકડ થાય અથવા તે કોર્ટમાં હાજર થાય તે માટે તેમજ તેમના જામીનદાર આરોપીને હાજર કરે અથવા નાણા ભરે તે માટે કોર્ટે પુરતી કામગીરીઓ કાઢી, પુરતા પ્રયત્નો કરેલ છે પરંતુ સરકાર અને પોલીસ દ્વારા તે બાબતે અસરકારક બજવણીની કામગીરી કરેલ નથી. જેથી હવે આરોપી કે જામીનદાર મળી આવે કે પોલીસ તેમને પકડી હાજર કરે તેમ જણાતુ નથી.

સદર કેસની હકીકતો ધ્યાને રાખી, કેસનો પ્રકાર ધ્યાને રાખેલ છે, ગુનાની સજાની જોગવાય ધ્યાને રાખી, ના. સર્વોચ્ચ અને ગુજરાત વડી અદાલતના આરોપીઓ ન મળી આવવા બાબતના ચુકાદાઓ, સર્કયુલરો અને માર્ગદર્શનો ધ્યાને રાખતા તેમજ કેસનું રેકર્ડ અને પોલીસની કામગીરી ધ્યાને રાખતા તથા હાલનો કેસ સમન્સ પ્રકારનો છે તે ધ્યાને રાખતાં આ કેસ પેન્ડીંગ રાખવામાં કોર્ટનો અને સ ટેટના અધિકારીઓનો કીંમતી સમય બગડે છે.

આ સબંધે નામ.ગુજરાત હાઈકોર્ટનો પત્ર નંબર ડી/૨૯૧૭/૨૦૦૬ તા:૨૭–૪–૦૬ વંચાણે લીધો. તેમજ નીચેના ચુકાદા ધ્યાને લીધો.

(૧) નામદાર સુપ્રિમ કોર્ટના એ.આઈ.આર., ૧૯૯૬, પાન નં. ૧૬૧૯, પેરા–૨, ઈ.એફ. ''કોમન કોઝ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા''

(૨) ૧૯૯૭ (૩)જી.એલ.આર.–૧૯૪૬ સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ

(૩) ૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯ પી.આર.રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક

(૪) 1996(2) Crimes 177 Bom. મુલચંદ મોતીલાલ રાકા વિ. મહારાષ્ટ્ર રાજય

ઉપરોકત પત્ર અને ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો અને આપેલ આદેશો ધ્યાને રાખી ક્રી. પ્રો. કો. ક. ૨૫૮ અન્વયે આ કેસનું આગળનું પ્રોસીડીગ્સ સ્ટોપ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– :: હુ ક મ:: –

- ક્રી.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે આગળનું પ્રોસીડીગ્સ સ્ટોપ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી ભવિષ્યમા મળી આવે કે નીકળે તો તેની સામે ક્રિ.પ્રો.કો.ક.૩૦૦(૫) ની જોગવાઈ મુજબ આ કોર્ટની ટ્રાયલ ચલાવવાની પરવાનગી છે તેમ ગણી કાર્યવાહી જે તે તબકકે થી આગળ ચાલશે.

હુકમ આજ ૦૯–૦૯–૨૦૨૩ ના રોજ સ્પે. સીટીગ લોક અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ. ૦૯/૯/૨૦૨૩

(એ.પી.દવે)
જથાં જયુ.મેજી.ફર્સ્ટ કલાસ
રાજકોટ
કોડ નં. જી.જે.૦૧૬૭૮